# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## શ્રીહરિનું અલૌકિક ઐશ્વર્ય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ઉત્સવો અનેક પ્રકારે ઉજવાય છે. કેટલીકવાર ઉત્સવો માટે અગાઉથી તૈયારીઓ થતી હોય છે. તો કેટલીક વાર અચાનક પૂર્વ તૈયારી વગર ઉત્સવ થતાં હોય છે. આજનો ઉત્સવ અનેરો ઉત્સવ અચાનક ઉજવાયો.

વાત જાણે એમ છે કે સ્વામિનારાયણ ભગવાન વિસનગર પધાર્યા. હરિભક્તો વાજીંત્રો લઈને સામા આવ્યા. શ્રીજી મહારાજ કહે છે ભક્તો હમણાં નગરમાં પ્રવેશ નથી કરવો. કેમ મહારાજ ? જુઓ અહીં શું થાય છે? એક ઉત્સવ અહીં ભાગોળે ઉજવાવાનો છે. એ ઉત્સવ પતી જાય પછી આપણે શહેરમાં પ્રવેશ કરીશું. મહારાજ ક્યો ઉત્સવ ! પ્રભુ કહે છે એ તમે જોયા કરો.

વિસનગરની ભાગોળે, પિંડોરીયા તલાવની પાળે, આંબાના વૃક્ષ નીચે મહારાજ બિરાજ્યા. જ્યાં જ્યાં પ્રભુ બિરાજ્યા છે ત્યાં સ્મારકો છે. સંતો ભક્તો બધાં બેઠાં. ગામમાં ખબર પડી શોભારામને. નામ એવા ગુણ ! એને શોભાનો ગાંઠીયો સમજીને ફઈબાએ એવું નામ પાડ્યું હશે. જે ભજન ન કરે, જે ભક્તિ ન કરે, જે સેવા ન કરે, જે સદ્‌ગુણ ન સેવે, એ પછી શોભાના જ ગાંઠીયા. એમાં બીજું કાંઈ ન હોય. ઘણાં ગાંઠીયા નાસ્તામાં કામ લાગે ને ઘણાંય શોભાના હોય. તમે પ્લાસ્ટીકનાં ફળ જોયા હશે. બજારમાં મળે છે. કેળાંને, કેરીને, સંતરા ને ટામેટાં ને, બિલકુલ શોભાના ગાંઠિયા જેવા. ન એ સુધારવા કામ લાગે ન વધારવા કામ લાગે. આ શોભારામને ખબર પડી કે સ્વામિનારાયણ આવે છે. એટલે ઉદ્ધત જુવાનિયાને ઉશ્કેર્યા. સમાજમાં, ગામમાં જેને જે પ્રકારનાં માણસો જોઈએ એવા મળી રહે. પચાસ, સાંઈઠ જેટલા જુવાનિયાને તૈયાર કર્યા. અને કહ્યું અત્યારે ને અત્યારે સ્વામિનારાયણ તલાવની પાળે બેઠા છે. તોફાન કરો. મારા મારી કરી નાંખો. પણ કોને મારવા ? ત્યાં જે બેઠા હોય તેને ! જે હાથમાં હામા આવે એને. જોવાનું જ નહીં.

સ્વામિનારાયણ હોય તોય ડરશો નહીં. હું બેઠો છું. અને વિસનગરમાં આપણું રાજ છે. પછી બીક કોની. પચાસ સાઈઠ જણાને લાલચ આપી. તમે સ્વામિનારાયણને ને સાધુઓને એવા ખંખેરો ને હું પૈસા આપીશ. તમે જે માંગશો એ ઈનામ આપીશ. અને ટોળું છાકોટા ને પડકારા કરતું આવ્યું.

શ્રીજી મહારાજ શાંતિથી બિરાજ્યા છે. ભક્તોનું ધ્યાન ગયુ. ઓહો આતો સુબાએ મોકલેલું તોફાની ટોળું છે. મહારાજ કહે બધા શાંતિથી બેસી રહો. એ તો બાપડા તમને બધાને ખુશ કરવા આવે છે. મહારાજ ! આ તો બધા બહુ ઉદ્ધત છે. એમનો વિશ્વાસ ન કરાય. અમે ઉભા થઈ એમનો સામનો કરીશું. અમારા દેખતાં અમારા ઈષ્ટદેવનું કે અમારા સંતોનું અપમાન કરે ને અમે અહીં બેસી રહીએ ?

હે ભક્તો ! તમે શાંતિ રાખો. એ અમારું અપમાન કરે પછી ઊભા થજો. એ તો તમને ખુશ કરવા આવે છે.

પચાસ સાઈઠનું ટોળું ગાળો દેતાં દેતાં આવ્યા. શ્રીજી મહારાજ બેઠા છે. ભક્તો વ્યાકુળ છે. ગોકીરા ને પડકારા કરતું ઉદ્ધત ટોળું આવ્યું અને મહારાજે એ પચાસ સાઈઠના ટોળાની દૃષ્ટિ પરિવર્તન કરી નાંખી. પિંડોરીયા તલાવની પાળે કેટલાય વૃક્ષો હતાં. એટલે એમને વૃક્ષે વૃક્ષે સ્વામિનારાયણ ભગવાન દેખાય. અને લાકડીયો લઈ લઈને ઝાડના થડમાં મારવા માંડ્યા. અને ઉત્તર ગુજરાતની ભાષા એવી બોલવા મંડ્યા. દે અલ્યા, દે દેવા માંડો ! જાય નહીં ! છટકે નહીં ! એક એક ઝાડને બધાય તડાતડ લાકડીઓ મારે. આ રહ્યાં એ સાધુ ઊભા છે. આ સ્વામિનારાયણ પોતે છે. અને લાકડીઓ ફટકારે. અને આખી સભા બેઠી બેઠી હસે. શ્રીજી મહારાજ કહે જુઓ અમે કહેતાં તા'ને કે તમને ખુશ કરવા બાપડા આવે છે. જેમ નટ હોય એ સમાજને ખુશ કરવા માટે ખેલ કરે. જાદુગર સમાજને ખુશ કરવા માટે જાદુના પ્રયોગો કરે. એમ આ બિચારા જુવાનિયા તમને ખુશ કરવા માટે આ ખેલ કરે છે.

સ્વામિનારાયણ ભગવાને દૃષ્ટિ પરિવર્તન કરેલ તેથી એને વૃક્ષે વૃક્ષે ભગવાન દેખાય. અડધો કલાક એ પ્રયોગ ચાલ્યો. પછી થાકી ગયા. કારણ કે ઝાડની મજબૂત ડાળીઓમાં અને થડમાં લાકડીઓ મારો ને તો તમારીજ હથેળીમાં વાગે. અખતરો કરી જો જો. બધાના હાથ દુઃખવા આવી ગયા. શહેરમાં જઈને સુબાને કહ્યું સાહેબ અમે સ્વામિનારાયણને અને એના ભક્તોને ખૂબ માર્યા છે. પંદર દહાડા ઉભા નહીં થઈ શકે.

જ્યાં અહીં વાત કરતા હતા ત્યાં તો જય જયકારો સાથે સ્વામિનારાયણ ભગવાનની નગરયાત્રા આવી પહોંચી. અને સુબાના દેખતા દેખતા આખા વિસનગરમાં ચોરે ને ચૌટે સ્વામિનારાયણ ભગવાનનો જય જયકાર થવા લાગ્યો.

જ્યાં ભગવાન છે ત્યાં સદાય સુખ છે. સદાય આનંદ છે. ભગવાનનાં ચરણોમાં બેઠેલાને ક્યારેય કોઈ ભય હોતો નથી એ આજે વિસનગરનાં ભક્તોને સમજાઈ ગયું. માટે જીંદગીમાં સાવધાની રાખવી કે ભગવાનથી દૂર ન જવાય. અને ભગવાનના શરણમાં સદાય રહેવું. તો કોઈપણ અનિષ્ઠ કાંઈ પણ ઈજા પહોંચાડી શકતું નથી.

●

### સર્વ કર્તા શ્રીહરિ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એકવાર શ્રીજી મહારાજ ભીમનાથ મહાદેવના મંદિર તરફ જઈ રહ્યા હતા. સાથે ભગુજી, સુરાખાચર, સોમલા ખાચર, મુળજી શેઠ વગેરે સાત અસવારો હતા. અને એ દિવસે ભીમનાથથી થોડે દૂર બે ગામથી વચ્ચેના વગડામાં કોઈ દ્વેષીએ મહારાજને મારવા માટે બસો માણસો મોકલેલા. મહારાજને મારવા માટે આવું કાવત્રું કરવાનું કારણ એ હતું કે થોડા સમય પહેલાં અલૈયા ખાચર અને આ દ્વેષીના ગુરુ ભેગા થયા હતા. અને એમણે મહારાજની નિંદા કરવા માંડી. ત્યારે અલૈયાએ કહ્યું, તું મહારાજની નિંદા કરવાની રેવા દે. નહિ તો હું તને મારીશ. ત્યારે તેણે વધુ નિંદા કરવા માંડી. ત્યારે અલૈયાએ તેને લાત મારી અને ઓટા ઉપરથી હેઠો પાડી નાખ્યો અને તેને વાગ્યું પણ ખરું. એ વાતની એના શિષ્યોને ખબર પડી કે અલૈયાએ અમારા ગુરુને લાત મારી છે તો અમારે પણ હવે અલૈયાના ગુરૂને મારવા છે. આવો મનસૂબો કરીને બસો માણસને સાથે લઈને રસ્તો રોકીને ઉભેલો.

શ્રીજી મહારાજ સાત અસવારો સાથે જ્યારે એ વગડામાંથી પસાર થતા હતા ત્યારે હથિયારબંધ આ બસો માણસને જોઈને ભગુજી બોલ્યા, હે મહારાજ ! આપણે સાંભળ્યું હતું કે કોઈ દુર્જને બસો માણસોને આગળ ઉભા રાખ્યા છે. એ જ આ બસો જણા છે ને આપણી પાસે તો સાત જ જણા છીએ. ભગુજીની વાત સાંભળી મહારાજ હસીને બોલ્યા, કાંઈ ફીકર રાખશો નહિ. ત્યાં તો હથિયાર બંધ એક હજાર માણસ કાળા ડગલાવાળા અને પાંચ પાંચ હાથ ઉંચા ભગુજીએ જોયા. તે મુળજી શેઠ વગેરે બાકીના છ જણ હતા તેને એ માણસો ન દેખાયા. પણ ઘણા માણસોને ગોકીરો થાય એ સંભળાય. હથિયારનો ખખડાટ સંભળાય અને આસપાસ માંથી બધા પસાર થતા હોય એવું પણ લાગે અને આ હજાર માણસોને પેલા દુર્જનના માણસોએ ભાળ્યા. અને બધા ભાગવા માંડ્યા. તે પડતા જાય. હાથમાંથી હથિયાર પણ હેઠા પડી જાય. અતિ વેગમાં દોડવા લાગ્યા. તે જોઈને મહારાજ મુખ આડો રૂમાલ દઈ અને હસવા માંડ્યા. અને એમ કહેવા લાગ્યા કે આ માણસો કેમ ભાગે છે ?

પછી શ્રીજી મહારાજ ભીમનાથ મહાદેવમાં પધાર્યા. તે મહાત્માજીની જગ્યામાં ઉતર્યા. મહાદેવજીનાં દર્શન કરી પાંચ રૂપિયા ભીમનાથ મહાદેવને ભેટ મૂક્યા. ભીમનાથના મહાત્માજીએ મેડા ઉપર ઉતારો કરાવ્યો. ખાવા પીવાની સરભરા કરી.

આ બાજુ દુર્જનના માણસો જે ભાગી ગયા હતા એ પાછા ભેગા થઈ અને બોલ્યા જે આ સ્વામિનારાયણની સાથે જે હજાર માણસો હતા એ ક્યાં દેશના હતા. અને ગામમાં ક્યા ઉતર્યા છે ? આટલા બધા માણસો આ નાના ગામમાં ક્યાં રહી શકે ? તપાસ તો કરો. પછી એમાંથી બે જણા ગામમાં આવી તપાસ કરવા માંડી ત્યારે ગામના માણસોએ કહ્યું, ના અહીં તો કોઈ આવ્યું જ નથી. અહીં તો કોઈ છે જ નહિ. પછી એ બે માણસોએ ભીમનાથના મંદિરમાં આવીને મહાત્માજીને પૂછ્યું કે સ્વામિનારાયણ ક્યાં ઉતર્યા છે ? અને એમના ભેગા એક હજાર માણસો હતા એ ક્યાં ઉતર્યા છે ? ત્યારે મહાત્માજીએ કહ્યું, કે

સ્વામિનારાયણ તો અહીં જ છે અને એના ભેગા સાત અસવાર છે. અને મેડા ઉપર ઉતર્યા છે. બાકી એની સાથે કોઈ માણસો નથી.

ત્યારે આ બે જણાએ કીધું ના, ના અમે નજરે જોયું છે. આશરે એક હજાર માણસ હથિયાર બંધ હતા. તે તમે સ્વામિનારાયણને પૂછી તો જુવો એ માણસો ક્યાં છે. ત્યારે મહાત્માજીએ પૂછ્યું. મહારાજ ! આ બે જણા પૂછે છે કે તમારી સાથે એક હજાર માણસો હતા. કાળા ડગલાવાળા હથિયારબંધ એ બધા ક્યાં છે ? મહારાજ કહે અમારા ભેગું તો કોઈ નથી. ત્યારે મહાત્માજીએ જવાબ આપ્યો કે સ્વામિનારાયણ ભગવાનની સાથે કોઈ નથી. સાત જણા જ છે. અરે પણ અમે ખરેખરા માણસોને જોયા છે. તમે ફરીથી જઈને સ્વામિનારાયણને પૂછો. વળી મહાત્માજી મહારાજ પાસે જઈને પૂછે છે કે આ લોકોને પાકા વાવડ મળ્યા છે કે તમારી સાથે હજારેક માણસો હતા અને તમે ના પાડો છો. આનું કેમ સમજવું ? ત્યારે મહારાજ બોલ્યા કે જુઓ મહાત્માજી આ ભીમનાથજીએ એને કાંઈક પરચો દીધો હશે. અને એને માણસો દેખાયા હશે. બાકી અમારી ભેગા તો આ સાત જણા છે. પછી આ બે જણે જઈને વાત કરી કે સ્વામિનારાયણની સાથે તો સાત જણા જ છે. એટલે આપણે તૈયાર થાઓ. હવે ભીમનાથ મંદિરમાંથી પાછા વળે ત્યારે એની વાત છે.

અને શ્રીજી મહારાજ ભીમનાથમાં રાત રોકાયા અને બીજે દિવસે ત્યાંથી પાછા વળ્યા અને એ વખતે આ બસો માણસનું ટોળું દ્રઢ નિશ્ચય કરીને તૈયાર ઉભું હતું કે સ્વામિનારાયણને આજે તો જવા જ ન દેવા. તો પહેલાની જેમ એક હજાર માણસો હથિયાર બંધ ભયંકર આકૃતિવાળા દેખાયા અને પાછા એ દોડવા માંડ્યા અને મહારાજે હસવા માંડ્યું. એ વખતે મૂળજી શેઠ, સુરા ખાચર એ બધા મહારાજની સાથે હતા એણે પણ હજાર માણસોનો ઘોંઘાટ સાંભળ્યો ત્યારે સુરાખાચરે પૂછ્યું, કે મહારાજ ! આ માણસો બધા એકાએક ભાગવા માંડ્યા અને અમારી આજુબાજુ ઘોંઘાટ થાય છે આ બધું શું છે ? ત્યારે શ્રીજી મહારાજ કહે એ તમે ભગુજીને પૂછો. ભગુજી ને પૂછ્યું, ત્યારે ભગુજીએ સૌને બધીજ વાત કરી. જે સાંભળી સૌ રાજી થયા.

લોકમાં કહેવત છે કે ‘‘ધાર્યું ધણીનું થાય’’ ધણી એટલે પરમાત્મા, જેને ભગવાનનો આશરો હોય તેનો પણ કોઈવાળ વાંકો ન કરી શકે તો પછી એ પરમાત્માની આગળ આવા દુર્જન પામર જીવનું શું ગજું કે ભગવાનને કાંઈ કરી શકે. માટે ભગવાનનો દઢ આશરો રાખી ભજન કરીએ તો ભગવાન સદાય આપણી સહાય કરે.